ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2044/01/2024** **તા.16/01/2024**

## આજરોજ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા કાર્યશાળા યોજાઈ હતી તે સંદર્ભે રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી ગૌરવ ભાટિયાજીએ પ્રેસ મીડિયાને સંબોધન કર્યું.

## ગર્વની વાત એ છે કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ભારતીય રાજનીતિને નવી દિશા આપી છે:- શ્રી ગૌરવ ભાટિયા

## રામની કૃપા થશે અને ફરીથી શ્રી નરેન્દ્ર મોદીજી વડાપ્રધાન બનશે અને પૂર્ણ બહુમતીથી ભાજપ જીતશે:- શ્રી ગૌરવ ભાટિયા

## અંગતનાં પગને જેમ કોઈ હલાવી નાં શકે તેમ ભારતીય જનતા પાર્ટીનું કમળ ગુજરાતમાં છે :- શ્રી ગૌરવ ભાટિયા

## સનાતન વિરોધીઓ કહેતા હતા કે "મંદિર વહી બનાયેગે, તારીખ નહિ બતાયેગે" અને તેમને જવાબ આપ્યો છે કે "મંદિર વહી બનાયેગે, તારીખ ભી બતાયેગે ઔર તુમકો ભી બુલાયેગે" :- શ્રી ગૌરવ ભાટિયા

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા કાર્યશાળા યોજાઈ હતી તે સંદર્ભે રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી ગૌરવ ભાટિયાજીએ પ્રેસ મીડિયાને સંબોધન કર્યું.

શ્રી ગૌરવ ભાટિયાજીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, આં મારા માટે ગૌરવની વાત છે કે હું ગુજરાતની પાવન ભૂમિ પર આવ્યો છું. આજે એક મહત્વની મીડિયા વર્કશોપ બેઠક યોજાઈ. લોકતંત્રનું ચોથું સ્તંભ એ મીડિયા છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકાર હોય, કરેલા તમામ કાર્યો જનતા સુધી પહોંચાડવાનું કાર્ય એ મીડિયા થકી સંભવ છે. મને આજે અવસર મળ્યો છે મારી વાત આપની સમક્ષ રજુ કરવાનોઈ અને આ અવસરે અવશ્ય કહીશ કે લોકસભા ચુંટણી-2024માં આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબનાં નેતૃત્વમાં અને આદરણીય શ્રી અમિતભાઈ શાહ સાહેબનાં માર્ગદર્શનમાં અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીનાં કુશળ નેતૃત્વમાં અમે જનતાની વચ્ચે જઈ રહ્યા છીએ. ગર્વની વાત એ છે કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ભારતીય રાજનીતિને નવી દિશા આપી છે. લોકો 2014માં કહેતા હતા કે પૂર્ણ બહુમત નહિ મળે, 2017, 2019માં પબન લોકો કહેતા હતા કે પૂર્ણ બહુમત નહિ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

મળે પ્રજાએ જંગી બહુમત અપાવી અને સાબિત કર્યું કે "મોદી હે તો મુમકીન હે", લોકોને પસંદ કરે છે "મોદી ની ગેરંટી"ને આ બદલાવ જોવા મળ્યો છે.

શ્રી ભાટિયાજીએ વધુમાં જણાવ્યું કે, હું સંપૂર્ણ વિશ્વાસ સાથે કહું છું કે ભારત દેશના ભાજપ પરિવારના કરોડો કાર્યકર્તાઓ જનતાની સેવામાં તત્પર છે. ભગવાનશ્રી રામની કૃપા થશે અને ફરીથી શ્રી નરેન્દ્ર મોદીજી વડાપ્રધાન બનશે અને પૂર્ણ બહુમતીથી ભાજપ જીતશે. ગુજરાતમાં લોકસભાની 26 માંથી 26 સીટ પર ભાજપની જીત છે. અંગતનાં પગને જેમ કોઈ હલાવી નાં શકે તેમ ભારતીય જનતા પાર્ટીનું કમળ ગુજરાતમાં છે. ગુજરાત વિધાનસભાની 182 માંથી 156 સીટો આવી અને જે દ્રઢ નિશ્ચય કર્યો કે 26 માંથી 26 લોકસભાતો જીતવાની જ છે પરંતુ દરેક સીટ પર માર્જીન 05 લાખથી વધારે મળે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ પ્રજાને સમર્પિત રહ્યા છે અને દેશની કોઈપણ કોરોના જેવી ગંભીર મહામારી હોય અને તેની સુરક્ષાની જવાબદારી આવી ત્યારે 220 કરોડ સુરક્ષા કવચ પ્રજાને આપ્યા છે. લોકો કહેતા હતા કે અસંભવ છે એ જ 370 અનુસંધાન મુજબ હટાવ્યું અને કરી બતાવ્યું. સનાતન વિરોધીઓ કહેતા હતા કે "મંદિર વહી બનાયેગે, તારીખ નહિ બતાયેગે" અને તેમને જવાબ આપ્યો છે કે "મંદિર વહી બનાયેગે, તારીખ ભી બતાયેગે ઔર તુમકો ભી બુલાયેગે". અમે સમજી શકીએ છીએ કે વિપક્ષ તુષ્ટિકરણનાં કારણે નહિ આવી શકે. અમે ઉત્તર, દક્ષીણ ભારતને તોડવાનું કામ અમે નથી કરી રહ્યા.

આ પ્રેસ વાર્તામાં પ્રદેશના મુખ્ય પ્રવક્તાશ્રી યમલભાઈ વ્યાસ, પ્રદેશ સહ પ્રવક્તાશ્રીઓ શ્રી ડૉ.ઋત્વિજભાઈ પટેલ, શ્રી ડૉ.શ્રદ્ધાબેન રાજપૂત, શ્રી જયરાજસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)